सत्यमेव जयते

| ફાઇલ તારીખ | ૦૬/૦૭/૨૦૨૬ | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૭/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૫/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૦૯ |

---

**મહેરબાન ભરૂચના છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૫૪૨/૨૦૨૬**

**આંક : –**

**અરજદાર :–** **ભગીરથ ધનરાજ ગુર્જર,**
ઉ. વ. ૧૯, ધંધો – મજુરી,
હાલ રહે. રહીયાદ, કલ્પસર રીસોર્ટ,
સુવા ચોકડી પાસે, તા. વાગરા, જિ. ભરૂચ,
મુળ રહે. દોવડા, તા. સરદારગઢ,
થાના–આમેઠ, જિ. રાજસમદ (રાજસ્થાન),
હાલ : સબજેલ, ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :–** **ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી ડી. ડી. મિસ્ત્રી
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

---

**–:: ચુકાદો ::–**

**(૧)** દહેજ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૬૨૬૦૩૫૨/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪), ૬૧(૨)(ક)

મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તરફે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર તરફે વિ. વકીલશ્રી તથા સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.. અરજદાર/આરોપી તરફે **આંક–૦૩ તથા આંક–૦૮** થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા ત.ક.અધિકારીશ્રીએ **આંક–૦૭** થી રજુ કરેલ એફીડેવીટ ધ્યાને લીધુ.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે તેમની જામીન અરજી મુજબની રજુઆત છે અને વિ. વકીલશ્રીની દલીલ છે કે, ઉપરોકત ગુનાના કામે અરજદાર/આરોપીને તા. ૧૮/૦૪/૨૦૨૬ નાં રોજ નામ. કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ, ત્યારથી અરજદાર/આરોપી જયુડી. કસ્ટડીમાં છે તેમજ હાલના ગુનાનું ચાર્જશીટ નામ. કોર્ટમાં દાખલ થતા તેનો ક્રિમીનલ કેસ નં. ૭૪૩/૨૦૨૬ પડેલ છે, જે વાગરા કોર્ટમાં પેન્ડીંગ છે, જેથી હાલની જામીન અરજી દાખલ કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, ગુનામાં સીધી કે આડકતરી રીતે સંડોવાયેલ નથી, આરોપીને તદ્દન ખોટી રીતે અટક કરેલા છે તેમજ હાલના ગુનાની તપાસ પૂર્ણ થઇ જતા આરોપીની વધુ કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની કોઇ જરૂરીયાત રહી નથી, જેથી આરોપીને વધુ સમય જયુડી. કસ્ટડીમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, પોલીસે તપાસ દરમ્યાન કહેવાતો મુદ્દામાલ કબજે કરી લીધો છે અને હવે કોઇ રીકવરી કે ડિસ્કવરી કરવાની નથી, જેથી પુરવા સાથે ચેડા કરવાની શકયતા નથી, કહેવાતી ચોરી અંગે આરોપીને કોઇ જાતમાહિતી નથી કે આરોપીએ ચોરી કરેલ નથી, આરોપીને સદર ગુનામાં ફસાવવામાં આવેલ છે, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, સદર ગુનો મેજીસ્ટ્રેટ કોર્ટ ટ્રાયેબલ છે અને કેસનું ટ્રાયલ તાત્કાલીક પૂર્ણ થાય તેમ નથી તેમજ એફ.આઇ.આર. જોવામાં આવે તો, ફરીયાદીને બનાવ અંગેની કોઇ હકીકત ખબર નથી, અજાણ્યા માણસો સામે ફરીયાદ આપેલ છે અને બનાવના બે દિવસ બાદ ફરીયાદ આપેલ છે.

વધુમાં અરજદાર/આરોપી વિરૂધ્ધ અન્ય એક ગુનો ચોરીનો નોંધાયેલ છે, પરંતુ નામ. સુપ્રિમ કોર્ટના ૨૦૨૦(૦) એ.આઇ.જે.ઇ.એલ.–એસ.સી.–૬૫૬૭૪, પ્રભાકર રેવારી વિ. સતાતે ઓફ યુ.પી. ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઇ આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપી રાજસ્થાનના રહેવાસી છે તે હકીકત ધ્યાને લઇ આરોપીના બંધારણીય હકકો છીનવી શકાય નહી અને જામીન અરજી નામંજુર કરી શકાય નહી તેમજ આરોપી મજુરી કરીને રોજીંદુ ખાઇને રોજીંદુ જીવનાર ઇસમ છે અને પોતાના પરીવારનું ગુજરાન ચલાવે છે અને કુટુંબમાં એકમાત્ર કમાનાર છે, આરોપી નાસી ભાગી જાય તેવા ઇસમ નથી, સાહેદોને તોડેફોડે તેમ નથી કે ધાકધમકી આપે તેમ નથી અને નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં આરોપી તરફે તેમની દલીલના સંદર્ભમાં નામ. ઉચ્ચ અદાલતના Sanjay Chandra V/s CBI (2012) 1 SCC 40 તથા Dataram Singh V/s State of U.P., (2018) 3 SCC 22 તથા Satender Kumar Antil V/s CBI, (2022) 10 SCC 51 તથા Gudikanti Narasimhulu V/s Public Prosecutor, (1978) 1 SCC 240 ના ચુકાદાઓ આધાર રાખી આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની આઇ.ઓ.નાં **આંક–૦૭** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, હાલના અરજદાર/આરોપી ભગીરથસિંહ તથા અન્ય સહ–આરોપીઓ વિશાલદિપસીંગ હરપાલસીંગ, ગુરૂસેવકસીંગ ભોલાસીંગ ગીલ, હરવિન્દરસીંગ ઉર્ફે જહલ પ્રતાપસિંગ, રાજદિપસીંગ ઉર્ફે જગ્ગા બાબુસીંગ, જયદેવભાઇ સુરેશભાઇ પટેલ, બલવિન્દસીંગ ઉર્ફે જગ્ગા નિશાનસીંગ જાટનાઓએ સાથે મળી સહ–આરોપી જી.એફ.એસ. કંપનીના અટાલી ગામ ખાતે અખોડ રોડ ઉપર આવેલ વી–લોજીસ્ટીક વેરહાઉસમાં તા. ૧૫/૦૪/૨૦૨૬ ના કલાક ૧૨:૩૦ થી તા. ૧૬/૦૪/૨૦૨૬ ના કલાક ૧૧:૩૦ દરમ્યાન કોઇપણ સમયે વેરહાઉસનો પાછળનો દરવાજો ખોલી

વેરહાઉસમાં અંદર પ્રવેશ કરી વેરહાઉસમાં રાખેલ (૧) જે.ઓ.સી. કંપનીના મીકેનીકલ સીલ (SS) ના મોડો નં. SZQDBCFF–90–13 નંગ–૨૧ એક નંગની કિં. રૂા. ૧૫,૦૦,૦૦૦/– લેખે કુલ સીલ નંગ–૨૧ ની કિં. રૂા. ૩,૧૫,૦૦,૦૦૦/– (૨) રીકોન ડાયનામીક એન્જીનીયરીંગમાંથી મંગાવેલ ઈન્ડસ્ટ્રીયલ વાલ્વ મોડલ નં. RAVH 100 (S.S.) નંગ–૧ કિં. રૂા. ૧,૭૩,૦૦૦/–, (૩) ફેબવેલ એન્જીનીયરીંગ કોર્પોરેશનમાંથી મંગાવેલ ગાસકેટ (S.S. ના બોડી ફલેન્જ અને નોઝલ) તથા ફાસ્ટનર્સ (S.S. ના નટ બોલ્ટ) જે નાના–મોટા સ્પેરપાર્ટસ નંગ–૧૭ કિં. રૂા. ૧૦,૦૦૦/– જે તમામ મટીરીયલ્સની આશરે કિં. રૂા. ૩,૧૬,૮૩,૦૦૦/– ની ચોરી કરી લઈ જઈ ગુનો કર્યાનો આક્ષેપ છે. વધુમાં રજુઆત છે કે, હાલના અરજદાર/આરોપી તથા સહ–આરોપી જયદેવભાઈ સુરેશભાઈ પટેલ તથા બલવિન્દસીંગ ઉર્ફે જગ્ગાનાઓ સહ–આરોપી જયદેવભાઈની બ્રેઝા ગાડીમાં બેસી જી.એફ.એલ. કંપની બાજુ ગયેલા હતા, ત્યારબાદ અન્ય સહ–આરોપીઓએ સાથે બેઠક કરીને ચોરી કરવાનો પ્લાન બનાવ્યો હતો, સ્થળની પસંદગી કરી હતી, સમય નકકી કર્યો હતો, જેથી આ ગુનો આકસ્મીક નહી, પરંતુ સંપૂર્ણ પૂર્વ આયોજીત અને સંગઠીત ગુનો છે તેમજ હાલના અરજદાર/આરોપીએ પોતાના નિવેદનમાં સ્વીકાર્યુ છે કે, તે ગોડાઉનમાં પ્રવેશ્યો હતો, ચોરીના માલને બહાર કાઢવામાં, સહ–આરોપી જયદેવની બ્રેઝા ગાડીમાં ભરવામાં આવેલ અને તેને સંતાડવામાં સક્રિય રીતે સામેલ હતો, જેથી આરોપીની ભુમીકા માત્ર હાજરી પુરતી નહી, પરંતુ મુખ્ય સહભાગી તરીકેની છે, જેથી આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, ચોરી કરેલો એસ.એસ. વાલ્વ તથા અન્ય સ્પેરપાર્ટસ અરજદાર/આરોપી તથા સહ–આરોપીઓનાં કબજામાંથી તથા તેમના દ્વારા સંતાડવામાં આવેલી જગ્યાએથી મળી આવ્યો છે, જેથી આરોપી વિરૂધ્ધ પ્રાથમિક દ્રષ્ટીએ મજબુત પુરાવા ઉપલબ્ધ છે તેમજ અરજદાર/આરોપી ચોરીનો માલ સહ–આરોપી જયદેવની બ્રેઝા ગાડીમાં ભરીને વેચવા નિકળેલા હતા ત્યારે પોલીસ પકડી પાડયા હતા, આથી આરોપીઓ માત્ર ચોરી સુધી મર્યાદીત રહયા ન હતા, પરંતુ ચોરીનો માલ ગેરકાયદેસર રીતે વેચવાનો પણ ઈરાદો ધરાવતા હતા, જેથી આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો

આવા પ્રકારના ગુનાઓ વધવાની શકયતા રહેલી છે તેમજ ફરીયાદી તથા સાહેદોને ધાકધમકી આપી તેમજ લોભ લાલચ આપી પુરાવાને નુકસાન કરવાનો પાકો સંભવ છે, જેથી આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી રાજસ્થાન રાજયના વતની છે, જેથી ચાલતા કેસે હાજર નહી રહેવાની શકયતા નકારી શકાય નહી તેમજ નાસી ભાગી જવાની શકયતા રહેલી છે, જેથી આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને અરજદાર/આરોપી સામે આ અગાઉ દહેજ પો.સ્ટે.માં બી.એન.એસ.ની કલમ-૩૦૩(૨), ૩૨૯(૩), ૬૧(૨)(ક) મુજબનો ગુનો નોંધાયેલ છે, જેથી આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે.

(૫) ઉપરોકત બન્ને પક્ષકારોની રજુઆતો, ત.ક.અધિકારીશ્રીનુ એફીડેવીટ તથા એફ.આઇ.આર. તેમજ પોલીસ પેપર્સ ધ્યાને લેતા, હાલના અરજદાર/આરોપી તથા અન્ય સહ-આરોપીઓએ ફરીયાદીના વેરહાઉસમાં પ્રવેશ કરી નાના-મોટા સ્પેરપાર્ટસ નંગ-૧૭ તથા અન્ય મટીરીયલ્સ કિં. રૂા. ૩,૧૬,૮૩,૦૦૦/- ની ચોરી કરી લઈ જઈ ગુનો કર્યાનો આક્ષેપ છે. વધુમાં પોલીસ પેપર્સ જોતા, આરોપીઓના અટક તથા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાની હકીકતો જોતા, હાલના અરજદાર/આરોપી તથા અન્ય સહ-આરોપી બ્રેઝા ગાડીમાં મળી આવેલ છે અને આ ગાડીની ડેકીમાંથી સદર ફરીયાદવાળી ચોરીનો સામાન મળી આવેલ છે, જે પોલીસે પંચનામા મુજબ કબજે કરેલ છે. આમ, હાલના અરજદાર/આરોપીના પઝેશનમાંથી ચોરીમાં ગયેલ મુદ્દામાલ મળી આવેલ છે, ત્યારે આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. વધુમાં હાલના ગુનાની ચોરી ખુબ જ મોટી રકમની છે. વધુમાં આરોપી સામે હાલના ગુના સિવાય પણ અન્ય એક ચોરીનો ગુનો નોંધાયેલો છે, ત્યારે આરોપીનો ગુનાહિત ઈતિહાસ છે, તે સંજોગોમાં આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૬) વધુમાં પોલીસ એફીડેવીટ મુજબ આરોપીઓએ બેઠક કરી ચોરી કરવાનો પ્લાન બનાવી સ્થળની પસંદગી કરી, સમય નકકી કરી પૂર્વ આયોજીત રીતે ચોરી કરેલાની હકીકત તપાસમાં ખુલેલી છે અને હાલના અરજદાર/આરોપી ગોડાઉનમાં પ્રવેશી ચોરીના માલને બહાર કાઢી બ્રેઝા ગાડીમાં ભરવામાં અને તેને સંતાડવામાં સક્રિય રીતે ભુમીકા ભજવેલી છે, ત્યારે આરોપીનો રોલ જોતા આરોપીને ગંભીર પ્રકારના ગુનામાં જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૭) વધુમાં આરોપી તરફે હાલના આરોપીને અન્ય ગુનાના કામે જામીન ઉપર મુકત કરવામાં આવે છે તે હુકમની નકલ રજુ કરેલ છે તેમજ નામ. ઉપલી અદાલતના ચુકાદાઓ લીસ્ટથી રજુ કરેલ છે. તે હકીકત સ્પષ્ટ છે કે, જામીન અરજીના તબકકે દરેક કેસની હકીકતો અલગ-અલગ પ્રકારની હોય છે અને હાલના કેસમાં ચર્ચા કરવામાં આવેલ છે તે મુજબ આરોપીના કબજાની ગાડીમાંથી ચોરીમાં ગયેલ મુદ્દામાલ મળી આવેલો છે તેમજ આરોપી મુળ રાજસ્થાનના રહીશ હોય જો આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો, ટ્રાયલ દરમ્યાન હાજર રહે તેવી શકયતા જણાતી નથી. વધુમાં આરોપી સામેનો પ્રથમદર્શનીય કેસ હોય આરોપી તરફે રજુ થયેલ ચુકાદાઓ હાલના કેસની હકીકતો તથા સંજોગો જોતા મદદરૂપ થાય તેમ નથી.

(૮) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપી સામેનો પ્રાઈમાફેસી કેસ, આરોપીનો ગુનામાં રોલ તથા ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની શકયતા, ગુનાહિત ઈતિહાસ, ગુનાની ગંભીરતા તે તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા, આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું ન હોય, હાલની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપી **ભગીરથ ધનરાજ ગુર્જર,** હાલ રહે. રહીયાદ, કલ્પસર રીસોર્ટ, સુવા ચોકડી પાસે, તા. વાગરા, જિ. ભરૂચ, મુળ રહે. દોવડા, તા. સરદારગઢ, થાના-આમેઠ, જિ. રાજસમદ

(રાજસ્થાન), હાલ : સબજેલ, ભરૂચનાઓની દહેજ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૬૨૬૦૩૫૨/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪), ૬૧(૨)(ક) મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડન્ટ/જેલરશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૧૫ મી, માહે : જુલાઇ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૫/૦૭/૨૦૨૬
સ્થળ : ભરૂચ

SUC

**(પિંકલ એમ. સોની )**
છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**